# રાંદેસણ ગામથી કોબા હાઈવેને જોડતો મુખ્ય માર્ગ બદતર હાલતમાં

## વરસાદને કારણે મોટા મોટા ખાડાઓ અને વધી ગયેલી ઝાડીઓથી ગ્રામજનો ત્રસ્ત : આ રોડ પર ગેરકાયદેસર દબાણો પણ વધી ગયા છે : કોબા હાઈવે પર રસ્તો ક્રોસ કરવા સર્કલો બનાવવા આસપાસના ગામોની તીવ્ર માંગ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર વિકાસનું પર્યાય બની ગયું છે. પરંતુ તેના પાદરે જ આવેલ રાંદેસણ ગામ હજુ પણ વિકાસની મીટ માંડીને બેઠું છે. આ ગામ પાટનગરની ખૂબ જ નજીક જ આવેલું હોવા છતાં અહીં વિકાસના નામે મીંડુ જણાઈ રહ્યું છે. રાંદેસણ ગામથી હાઈવે રોડ સુધી જોડતા મુખ્ય માર્ગ પર ખુબ જ મોટા ખાડા પડી ગયા છે. તેમજ આ કેટલાક ઈસમો દ્વારા આ માર્ગપર ગેરકાયદેસર દબાણ કરવાના કારણે આ રોડની હાલત ખૂબ જ ખરાબ થઈ જવા પામી છે. જેના કારણે ગ્રામજનોને પરેશાનીનો ભોગ બનવાનો વારો આવ્યો છે.

ગાંધીનગરથી એરપોર્ટ તરફના કોબા હાઈવેની બંને તરફ કેટલાંક ગામડાં આવેલા છે. આ ગામોમાંના એક રાંદેસણ ગામના રહીશો માટે કોબા હાઈવે પર આવવાનો એક જ મુખ્ય માર્ગ છે એક તો આ માર્ગ ખૂબ જ બદતર હાલતમાં વર્ષોથી રીનોવેશન થયા વગરનો પડયો છે. જેથી રાંદેસણના ગ્રામજનો માટે 'દીવા તળે અંધારું' જેવી સ્થિતિ સર્જાઈ છે. આ માર્ગ પર વરસાદના કારણે મોટા ખાડી પડી ગયા છે અને બંને તરફ વરસાદના કારણે ઝાડીઓ વધી જવાથી રોડ એકદમ સાંકડો થઈ જવા પામ્યો છે. એક તો વર્ષોથી આ રોડનું સમારકામ કરાયું નથી તેમજ આ રોડ પર કેટલાક ઈસમ દ્વારા દબાણ પણ કરવામાં આવ્યું છે. અને મોટા હોર્ડીંગ્સ લગાડી દેવામાં આવ્યા છે. જેથી ગ્રામજનોની મુશ્કેલીમાં ખૂબ વધારો થવા પામ્યો છે.

રાંદેસણ ગામના અગ્રણી અજિતસિંહ ગોહિલ જણાવે છે કે ગ્રામજનો માટે આ રોજ માથાનો દુઃખાવો બન્યો હોઈ તંત્ર દ્વારા સત્વરે તેનું સમારકામ કરાવવામાં આવે અને ગેરકાયદેસર દબાણો હટાવવામાં આવે તેવી ગ્રામજનોની અપેક્ષા છે. વળી, કોબા હાઈવે પર પણ રસ્તો ક્રોસ કરવા માટે ખૂબ જ અગવડતા પડતી હોઈ કેટલાક મુખ્ય પોઈન્ટ જેવા કે ધોળેશ્વર મંદિરનું પાટીયું, સીટી પલ્સ થિયેટર અને ભાઈજીપુરા પાટીયા એ સર્કલ બનાવવામાં આવે તે જરુરી છે. રોડની બંને સાઈડના ગામોમાં લોકોનો વર્ષોથી વ્યવહાર હોવાથી આ રોડ પરના ક્રોસીંગ દૂર કરવાથી ગ્રામજનોને હાલાકી ભોગવવી પડી રહી છે. વળી આ માર્ગે આવેલ સર્વિસ રોડની હાલત પણ બદતર હોવાથી તંત્ર દ્વારા સત્વરે પગલાં લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. કોબા હાઈવે પર જરુરી સ્થળે સર્કલ મુકી ગ્રામજનોની વર્ષો જુની માંગણીઓને સંતોષવામાં આવે તે જરુરી બન્યું છે.

# જિલ્લાના ચાર પોલીસ સ્ટેશનોમાં સીસી ટીવી કેમેરા લગાડવામાં આવ્યા

## જે સીસી ટીવી કેમેરાનુ રીઝલ્ટ સૌથી સારૂ હશે તેની કંપનીને રાજયભરના પોલીસ સ્ટેશનમાં કેમેરા લગાડવા કોન્ટ્રાક્ટ અપાશે

ગાંધીનગર, તા. ૧૮

ડીજીપી દ્વારા ગાંધીનગર જિલ્લાના ચાર પોલીસ સ્ટેશનોમાં સીસી ટીવી કેમેરા લગાડવા માટે અલગ-અલગ કંપનીને આદેશ આપવામાં આવ્યો છે. જે કંપનીના કેમેરાનું રીઝલ્ટ શ્રેષ્ઠ હશે તે કંપનીને રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં કેમેરા લગાડવા ડીજીપી કક્ષાએથી કોન્ટ્રાક્ટ આપવામાં આવશે.

રાજ્યભરના તમામ પોલીસ સ્ટેશનો સીસીટીવી કેમેરાથી સજ્જ કરવાના પ્રોજેક્ટને પાર પાડવા કવાયત હાથ ધરવામાં આવી છે. ત્યારે ડીજીપી કક્ષાએથી ગાંધીનગર જિલ્લાના સેક્ટર-૭, સેક્ટર-૨૧, અડાલજ અને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં પ્રાયોગીક તબક્કે કેમેરા લગાડવા વિવિધ કંપનીને ઓર્ડર અપાયો છે. જે કંપનીના કેમેરા સારા રીઝલ્ટ દેખાડશે તે કંપનીને રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં કેમેરા લગાડવા કોન્ટ્રાક્ટ ડીજીપી કક્ષાએથી આપવામાં આવશે. આજે ચારેય પોલીસ સ્ટેશનમાં કેમેરા લગાડી દેવામાં આવ્યા છે.



### ચિલોડામાં ઝેરી સાપને પકડી જંગલમાં છોડી મુકાયો

વરસાદ અટકાવવાની સાથે જ ભાદરવાના આકરો તાપ નીકળી આવ્યો છે જેના કારણે ભૂગર્ભમાં રહેતા જાનવરો બહાર નીકળી આવ્યા છે. ઠંડક અને ભેજવાળા વાતાવરણમાં જીવજંતુઓનો ખોરાક શોધવા સરિસૃપો બહાર દેખાવા લાગ્યા છે. ચિલોડા ગામના તળાવ કાંઠે રહેતા છગનભાઈ માધાભાઈ ઠાકોરની ઓરડીમાં ઝેરી સાપ ઘુસી જતા તાત્કાલિક સ્નેક કેચર્સને બોલાવવા પડ્યા હતા. આ સ્નેક કેચર્સએ ગણતરીની મિનીટોમાં જ સાપને સહીસલામત પકડી પાડ્યો હતો અને તેને જંગલમાં છોડી મુક્યો હતો. સ્નેક કેચર્સની સાપ પકડવાની ટેકનિક જોવા ગ્રામજનોના ટોળા ઉમટ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# કાશ્મીર પૂર પિડિતોને આર્થિક સહાય આપવા અપીલ કરાઈ

ગાંધીનગર, તા.૧૮

પૃથ્વી પરનું સ્વર્ગ કાશ્મીર, કાળની થપાટમાં નર્ક બની જવા પામ્યું છે. પૂર પ્રકોપના કારણે કાશ્મીરવાસીઓનું જીવન દુર્લક્ષ બન્યું છે. સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા પૂર પિડિતો માટે આર્થિક સહાય આપવા માટે જાહેર જનતાને અપિલ કરવામાં આવી છે. ઉદાર હાથે દાન આપવા ઈચ્છુક દાતાએ એક અથવા રોકડ રકમ ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧ ખાતે મંગળ, ગુરુ અને શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન મોકલવા વિનંતી કરવામાં આવી છે.

# સેક્ટર-૨૩ એડીશનલ છ ટાઈપના નવરાત્રિ મહોત્સવના પ્રમુખપદે નરેન્દ્રભાઈ મહેતા

ગાંધીનગર, તા.૧૮

સેક્ટર-૨૩ એડીશનલ છ ટાઈપમાં છેલ્લા આઠ વરસથી નવરાત્રી મહોત્સવના દરેક હોદ્દાઓ ઉપર એક અને માત્ર એક જ શ્રી નરેન્દ્રભાઈ મહેતા (મહેતાકાકા) પ્રશંસનીય કામગીરી કરી રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મહેતા એકલવીરની જેમ બધી જ કામગીરી કરે છે. કોઈ પણ કાર્યક્રમમાં મુશ્કેલ કામ હોય તો તે ફાળો એકત્ર કરવાનું હોય તેમાં પણ તે બે કે ત્રણ ધક્કા ખાઈ એકલા હાથે ફાળો એકઠો કરે છે. નવરાત્રિનું તમામ કામ તેઓ કરે છે. લાઈટ ફીટીંગ, થાંભલા ખોડવાના હોય કે એકરીંગ કરવાનું હોય દરેક કામ તેઓ ઉત્સાહથી કરે છે. જે બદલ સેક્ટર-૨૩ એડીશનલ છ ટાઈપના વસાહતીઓ વતી અભિનંદન અને ધન્યવાદ આપવામાં આવે છે.

# સરઢવ પ્રગતિમંડળ શક્તિની ભક્તિ કરશે : નવરાત્રી પર્વ ઉજવશે

ગાંધીનગર, તા. ૧૮

આજ ગગનથી ચંદન ઢોળાય રે... સહિયર મને આસોના અજવાળા થાય. શક્તિની ભક્તિનું પર્વ એટલે નવરાત્રી. આસો સુદ-એકમથી શરૂ થતી નવરાત્રીની સરઢવ શ્રી અંબાજી માંડવી પ્રગતિ મંડળ દ્વારા દસ દિવસ સુધી ધામધૂમપૂર્વક મનાવવામાં આવશે.

રાજ્યનું સૌથી લાંબુ પર્વ નવરાત્રીની સરઢવ પ્રગતિ મંડળ ઉજવણી કરશે. દસ દિવસ ચાલતા પર્વમાં રાજ્યના ખ્યાતનામ કલાવૃંદો ગરબાની રમઝટ જમાવશે. જેમાં પહેલા દિવસે રાણીપનું મૃદંગવૃંદ માતાજીની આરાધના શરૂ કરાવશે. પાલનપુર હિટ્સ મ્યુઝિકલ ગૃપ, ઓમકાર મહેસાણા, વૈભવી મ્યુઝિક અમદાવાદ સહિતના કલાવૃંદો યૌવન હિલોળે ચડાવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૮
સૂર્યાસ્ત : ૬.૩૮

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૬૪ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

દાવત એ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ખૂબસૂરત : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
ફાઈન્ડીંગ ફેની (અંગ્રેજી) : ૫.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

ક્રિએચર (૩ડી) : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

ફાઈન્ડીંગ ફેની : ૧૨.૧૫, ૨.૧૫, ૧૦.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૧૫
આગાડુ (તેલુગુ) : ૭.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ખૂબસૂરત : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

ક્રિચર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે,

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

# લેકાવાડાથી ચિલોડા વચ્ચેનો માર્ગ મૃત પ્રાણીઓની દુર્ગંધથી ખદબદી રહ્યો છે

## મૃતદેહોનો સત્વરે નિકાલ ન થતાં કોહવાય છે, સૌથી વધુ મૃતદેહ કુતરાના હોય છે

ગાંધીનગર, તા. ૧૮

ચિલોડાથી ગાંધીનગર વચ્ચેના ચારમાર્ગીય માર્ગ ઉપર રોજબરોજ પ્રાણીઓના કોહવાયેલા મૃતદેહો દુર્ગંધ મારતા પડ્યા હોય છે. આર્મી બીએસએફ, સીઆરપીએફ તથા વાયુસેનાના મથકો જે માર્ગ ઉપર આવેલા છે તે માર્ગમાં જ આ ઉપદ્રવ વધ્યો છે. દૈનિક અસંખ્ય વાહનોની અવરજવરવાળા આ માર્ગ ઉપર અકસ્માતે મૃત્યુ પામતા પ્રાણીઓનો યોગ્ય અને સત્વરે નિકાલ ન થતાં પડી રહીને કહેવાય છે અને બદબુ ફેલાવે છે. અહીંથી પસાર થતા તમામે ફરજ્યાત મોં દબાવીને નીકળવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જેથી આ અંગે તંત્ર દ્વારા પ્રાણીઓના મૃતદેહોની નિકાલ વ્યવસ્થા હાથ ધરવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

ગાંધીનગરના પ્રવેશ દ્વારા સમો ચિલોડાથી લેકાવાડા માર્ગ પ્રાણીઓના મૃતદેહમાંથી નીકળતી દુર્ગંધથી ખદબદી રહ્યો છે. દેશના સરહદી જવાનોના નિવાસસ્થાન અને મથકો જે માર્ગ ઉપર આવેલા છે તે માર્ગ ઉપર પસાર થવુ એટલે રોગચાળાને આમંત્રણ આપવા જેવી સ્થિતિ પેદા થઈ છે. દૈનિક અસંખ્ય વાહનો ગાંધીનગરથી ચિલોડા તરફ તેમજ ચિલોડા તરફથી ગાંધીનગર તરફ આ માર્ગે આવનજાવન કરે છે. રખડતા ભટકતા પ્રાણીઓ વાહન અકસ્માતમાં મૃત્યુ પામે છે અને તેજ સ્થિતિમાં તેમનો મૃતદેહ લાંબા સમય સુધી પડ્યો રહે છે જેથી કોહવાટ લાગી બદબુ ફેલાવે છે. જેથી આ માર્ગે નિકળવું વાહનચાલકો માટે અસહ્ય બની ગયું છે.

મુખ્યત્વે રખડતા કુતરા અકસ્માતનો ભોગ વધુ બને છે. તેમજ નિલગાય, ગધેડા તથા અન્ય પ્રાણીઓના મૃતદેહ પણ અહીં જોવા મળે છે. આ માર્ગની આવન અને જાવન બંને તરફ આ સ્થિતિ ઉભી થઈ છે. વધુમાં માલિક વગરના આ પ્રાણીઓ પ્રત્યે તંત્ર દ્વારા પણ ચોક્કસ નિકાલની વ્યવસ્થા ન હોવાથી રાજ્ય ભરમાં માર્ગો ઉપર આ પ્રકારની જ હાલાકી જોવા મળી રહી છે. તંત્ર દ્વારા પ્રાણીઓના મૃતદેહ જે માર્ગ ઉપર પડ્યા હોય છે તે માટે ચોક્કસ જવાબદારી નક્કી કરાય અને યોગ્ય જગ્યાએ તેનો સત્વરે નિકાલ થાય તેવી વ્યવસ્થા હાથ ધરવા જીવદયા પ્રેમીઓમાં માગં ઉઠવા પામી છે.

# પેટા ચૂંટણીના પરિણામો સંદર્ભે કેબીનેટમાં સમીક્ષા

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી પેટા ચૂંટણીમાં ત્રણ બેઠકો પર કોંગ્રેસે વિજય મેળવતાં ભાજપ માટે ચિંતાજનક પરિણામો આવતાં આજે મળેલી રાજય મંત્રી મંડળની બેઠકમાં પેટા ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરીને પ્રભારી મંત્રીઓ પાસેથી અહેવાલો માંગવામાં આવતા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતની બરોડા લોકસભા બેઠક ઉપરાંત વિધાનસભાની નવ બેઠકો ખાલી પડતા આ બેઠકોની પેટા ચૂંટણીઓ ગત ૧૩મીએ યોજાયેલી. આ પેટા ચૂંટણીના પરિણામોમાં ભાજપના કબજામાંથી કોંગ્રેસે ત્રણ બેઠકો પર વિજય મેળવીને આંચકી લેતા ભાજપ માટે ચિંતાજનક પરિણામો આવ્યા છે.

પેટા ચૂંટણીમાં આ તમામ નવ બેઠકો પર ભાજપને વિજય અપાવવા ભાજપના પ્રદેશ નેતાઓ અને રાજયમંત્રી મંડળના મંત્રીઓને વિવિધ બેઠકોની જવાબદારીઓ સોંપવામાં આવી હતી.

ચૂંટણી પરિણામો જાહેર થતાં ડીસા જામખંભાળીયા અને માંગરોળ બેઠકો પર ભાજપનો પરાજય થતાં આ બેઠકો પર ભાજપના સ્થાનિક આગેવાનો વચ્ચેનો આંતરકલહ બહાર આવવા પામ્યો છે.

ચૂંટણી પરિણામોથી નારાજ મુખ્યમંત્રીએ પ્રદેશના આગેવાનો અને પ્રભારી મંત્રીઓ પાસેથી અહેવાલો મંગાવ્યા છે. આ ૩ બેઠકો પર ભાજપના પરાજયના કારણો તપાસીને જવાબદારો સામે પક્ષ દ્વારા શિસ્ત ભંગના પગલા ભરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિધાનસભાની પેટા ચૂંટણીના આ પરીણામો ભાજપ માટે ચિંતાજનક છે કારણ કે આગામી વર્ષે ગુજરાતમાં જિલ્લા તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓ આવી રહી છે અને આ પરિણામોની અસર આ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પર પડે તેમ છે.

# GPSC પ્રિલીમરી પરીક્ષામાં એક લાખથી વધારે ઉમેદવારો

## હવે વર્ગ ૧ અને ૨ના ૩૫૧ અધિકારીઓની ભરતી માટે પરીક્ષા લેવાનો નિર્ણય : ૧૨મી ઓક્ટોબરે પરીક્ષા લેવાશે

અમદાવાદ, તા.૧૮

લાંબા સમયના વિરામ બાદ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા વર્ગ-૧ અને ૨ના ૩૫૧ અધિકારીઓની ભરતી માટે જીપીએસસીની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. આ માટે આગામી ૧૨ ઓક્ટોબરના રોજ પરીક્ષા લેવામાં આવશે. કુલ ૩૫૧ અધિકારીઓની ખાલી પડેલી જગ્યાની ભરતી માટે એક લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપવા રજીસ્ટ્રેશન કરાવ્યુંછે. આ પરીક્ષા અમદાવાદ સુરત અને રાજકોટ કેન્દ્ર ખાતે લેવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા રાજ્યમાં ખાલી પડેલ વર્ગ-૧ અને ૨ના ૩૫૧ અધિકારીઓની ભરતી માટે આગામી ૧૨ ઓક્ટોબરના રોજ જીપીએસસીની પ્રિલીમરી પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે અરજી કરવાની નિશ્ચિત સમયમર્યાદા એક લાખથી વધુ ઉમેદવારો અરજી કરી છે. જેમની પ્રિલીમરી પરીક્ષા આગામી ૧૨મી ઓક્ટોબરના રોજ સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન લેવામાં આવશે. જેમાં વર્બલ સ્કીલ, તર્કિક કસોટી અને ગણતરી સંબંધિત ક્ષમતા તથા સામાન્ય જ્ઞાનને લગતા કુલ ત્રણ પેપર લેવામાં આવશે. સવારે ૧૦ થી ૧૧:૩૦ કલાક દરમ્યાન વર્બલ સ્કીલનું પેપર લેવાશે જેમાં ગુજરાતી અને અંગ્રેજીના ૭૫-૭૫ ગુણના પ્રશ્નો પુછાશે ત્યાર બાદ બપોરે ૧૨:૩૦ થી ૨:૦૦ કલાક દરમ્યાન તર્કિક રિઝનીંગ કસોટીના ગુણ અને ગણતરી સંબંધિત ક્ષમતાના ૭૫ ગુણ મળી કુલ ૧૫૦ માર્કનું પેપર લેવામાં આવશે જ્યારે અંતિમ પેપર બપોરે ૩:૦૦ થી ૫:૦ કલાક દરમ્યાન લેવાશે. આ ૧૫૦ ગુણનું પ્રશ્નપત્ર ઉમેદવારના સામાન્ય જ્ઞાનની ચકાસણીને લગતું હશે. આ જીપીએસસીની પરીક્ષા કુલ ત્રણ સેન્ટરો અમદાવાદ, સુરત અને રાજકોટ ખાતે લેવામાં આવશે.

# પી.એફ. ધારકની ઓળખ ફરજ્યાત બની ભૂતિયા કર્મચારીઓ દૂર થાય તેવો હેતુ

## પી.એફ. ધારકને પી.એફ.ના ઉપાડ માટે ફરજ્યાત બેંક ખાતુ, યુએએનની પ્રક્રિયામાં પૂરાવાની માંગ

ગાંધીનગર, તા. ૧૮

કર્મચારી ભવિષ્યનિધિ સંગઠને યુએએન એટલે કે યુનિક પીએફ એકાઉન્ટ નંબર માટે પી.એફ. ધારકની ઓળખ ફરજ્યાત કરી હોવાનું જણાવ્યું છે. જે માટે બેંક એકાઉન્ટ અથવા આધારકાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ, રેશનીંગકાર્ડ અને ચૂંટણી કાર્ડ જેવા દસ્તાવેજી પુરાવા રજૂ કરવાના હોય છે. આમ બેંક ખાતુ પી.એફ.ના ઉપાડ માટે જ ફરજ્યાત હોવાનુ ખુલાસો કર્યો છે. જો કે પી.એફ.ધારકના નાણાંની સલામતી અને ભૂતિયા કર્મચારીઓ દૂર થાય તે મહત્વનો ઉદ્દેશ હોવાનું પી.એફ. કચેરીએથી જાણવા મળ્યું છે.

દેશભરના કરોડો કર્મચારીઓની ભવિષ્યનિધિને સલામત અને ચોક્કસ બનાવવાના સરકારના ઉદ્દેશના પગલે સેન્ટ્રલ એનાલિસીસ એન્ડ ઈન્ટેલિજેન્સ યુનિટની રચના કરવામાં આવી છે. જેમાં પી.એફ. ખાતા ધારકને યુનિક પીએફ એકાઉન્ટ નંબર યુએએન આપવાની કામગીરી ચાલી રહી છે. અને આ યુનિટ પી.એફ. લગતી તમામ પરીયાદ તથા અન્ય બાબતોની સમીક્ષા સાથે કાર્યવાહી ઉપર નજર રાખશે તેવુ પી.એફ. કચેરીએથી ફોન નં. ૯૪૦૯૧૧૦૫૬૦ પરથી જણાવાયુ હતુ.

વધુમાં તેઓએ જણાવ્યું છે કે પી.એફ. ખાતેદારની ઓળખ ફરજ્યાત કરી દેવાઈ છે. જેમાં તે ઓળખ અંગેના પુરાવા જેવા કે આધારાકાર્ડ, પાનકાર્ડ, રેશનીંગ કાર્ડ, ચૂંટણી કાર્ડ કે અન્ય આપી યુએનએન નંબર મેળવી શકે છે. યુએએન નંબર થકી કર્મચારી તેનુ પી.એફ. ખાતુ જાતે ઈન્ટરનેટ ઉપર જોઈ શકશે અને નોકરી બદલાતાં આ ખાતુ એનુ એ જ રહેશે જેથી પીએફ મેળવવા માટે લાંબી પ્રક્રિયામાંથી છુટકારો મળશે. વધુમાં પી.એફ.માંથી ગમે ત્યારે ઉપાડ સમયે બેંકખાતુ હોવુ ફરજ્યાત બન્યું છે જેમાં ઓળખ સાથેના સંયુક્ત ખાતા પણ માન્ય ગણાશે તેવુ સ્પષ્ટપણે જણાવ્યુ હતુ.

પી.એફ. ધારક નવુ ખાતુ ખોલાવે અને વર્ષો પછી પી.એફ. જમા થાય તે સમયે લેવડદેવડના અભાવે ખાતુ બંધ થઈ ગયુ હોય તો પી.એફ. ધારકને નુકસાન સહન કરવુ પડે તેમ હોઈ ઉપરોક્ત વિગતવાર ખુલાસો કરાયો છે તેમજ ઉપરની તમામ હકિકતોથી પી.એફ. વિભાગની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ હોવાનું જણાવ્યું છે.



મહાઆરતી : પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ૬૪માં જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા લીંબચ માતાના મંદિરે બુધવારે સાંજે મહાઆરતી યોજાઇ હતી. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના દીર્ઘાયુ સ્વસ્થ અને તેજસ્વી જીવન માટે માતાજીના ચરણોમાં પ્રાર્થના કરાઈ હતી. મહાઆરતીમાં શહેરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ અને ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. ગોમતીબેન રણછોડજી જાદવ (ઉ.વ.૪૫) મુ. પો. ફીરોજપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. સીતાબેન ગટાભાઈ લુહારીયા (ઉ.વ.૫૨) મુ.પો. ચીલોડા, તા.જી.ગાંધીનગર
- સ્વ. રમેશભાઈ જીતુભાઈ ઠાકોર (ઉ.વ.૪૦) મુ. પો. રામપુરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. હર્ષદભાઈ અમૃતલાલ શાહ (ઉ.વ.૫૭) પ્લોટ નં. ૧૨૫૮/૧, સેક્ટર-૨એ, ગાંધીનગર
- સ્વ. ગુલાબભાઈ દેહાભાઈ વાણીયા (ઉ.વ.૮૧) બ્લોક નં. ૧/૧, સેક્ટર-૨૩, ગાંધીનગર
- સ્વ. ઠાકોર ડાહ્યાજી રવજીજી (ઉ.વ.૮૨) ઘર નં. ૨૧૩, મોટા ચીલોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર અમાજી લલ્લુજી (ઉ.વ.૭૨) મુ.પો. સઈજ, તા. કલોલ, જી. ગાંધીનગર
- ગૌરીબેન ઉકાભાઈ વાઘરી (ઉ.વ.૮૫) સેક્ટર-૧૩, બીજ નિગમના સામેનાં છાપરા, ગાંધીનગર
- સ્વ. મહેરાજી પોપટજી ઠાકોર (ઉ.વ.૨૭) મુ.પો. પ્રાંતિયા, જી. ગાંધીનગર
- સ્વ. દિલીપજી લક્ષ્મણજી ઠાકોર (ઉ.વ.૩૨) સેક્ટર-૧૫, ફતેપુરા, તા.જી. ગાંધીનગર